આંક–૧૬

**મે.ભરૂચના મજુર અદાલત નં.૧ ના ન્યાયાધીશ શ્રી ડી.પી.પુંજાણી સાહેબની કોર્ટમાં**

રીક. અરજી નં. ૧૦૪/૨૦૧૯

**<u>અરજદાર</u> :** શબ્બીરભાઈ રહીમભાઈ વોરા,
રહે.– અમનપુર, તા.જંબુસર, જી.ભરૂચ

**–:: અને ::–**

**<u>સામાવાળા</u> :** મેનેજરશ્રી/ માલિકશ્રી,
આરતી ઈન્ડસ્ટ્રીઝ લી.,
પ્લોટ નં. ૭૫૮/૧–૨–૩,
જીઆઈડીસી, ઝઘડીયા, જી.ભરૂચ

**<u>પ્રતિનિધિત્વ</u> :** અરજદાર તરફે – વિ.વ.શ્રી પ્રિયેશ ડી.ચૌહાણ
સામાવાળા તરફે– જાતે

**–: <u>હુકમ</u> :–**

(૧) આ કામના અરજદારે આઈ.ડી.એકટની કલમ ૩૩ સી (૨) મુજબની રીકવરી અરજી કરી કુલ રૂા.૧૬,૨૯,૫૪૮/– સામાવાળા પાસેથી વસુલ મેળવવા અરજી કરેલ છે.

(૨) સદર કામે બન્ને પક્ષકારો તથા અરજદારના વિ.વ.શ્રી હાજર છે. બન્ને પક્ષકારોએ આંક–૧૫ થી સમાધાન પુરશીશ રજુ કરેલ છે. સમાધાન પુરશીશમાં જણાવ્યા મુજબ અરજદાર સામાવાળા સંસ્થામાં કાયમ માટે નોકરીનો હકક જતો કરે છે. અરજદારને ફુલ એન્ડ ફાઈનલ સમાધાન પેટે સામાવાળા સંસ્થા રૂા.૧૯,૫૦,૦૦૦/– ચૂકવવા સંમત થયેલ છે. સદરહુ રકમમાં પડેલા દિવસોનો પગાર, બાકી પગાર, હકક રજા, ગ્રેજયુઈટી, બોનસ વગેરે તમામનો સમાવેશ થાય છે. સદરહુ રકમનો ચેક તા.૩૦/૦૯/૨૫ સુધી સામાવાળા સંસ્થા અરજદારને ચુકવી આપશે અને અરજદાર નોકરીમાંથી રાજીનામું લખી આપશે. ફુલ એન્ડ ફાઈનલ સમાધાનનો ચેક ચુકવ્યેથી અરજદાર અને સામાવાળા વચ્ચે કામદાર–માલિકના સંબંધનો અંત આવશે. જો

સામાવાળા સંસ્થા તા.૩૦/૦૯/૨૦૨૫ સુધી સમાધાન મુજબની રકમનો ચેક નહીં ચુકવે તો અરજદાર રેફરન્સ કેસના અમલીકરણ માટેની કાર્યવાહી કરવાનો હકક અબાધિત રાખે છે. આ સમાધાન ફુલ એન્ડ ફાઈનલ સમાધાન હોય બન્ને પક્ષકારોને બંધનકર્તા રહેશે. આમ, બન્ને પક્ષકારો વચ્ચે સુખદ સમાધાન થયેલ હોવાથી બન્ને પક્ષકારો તરફેના આંક–૧૫ ના સમાધાન પુરશીશની શરતો અન્વયે નીચે મુજબનો હુકમ પસાર કરવામાં આવે છે.

**–:– <u>હુકમ</u> –:–**

(૧) બન્ને પક્ષકારો તર્ફે રજુ કરવામાં આવેલ આંક–૧૫ ના સમાધાન પુરશીશની શરતો આધારે લોક અદાલતમાં સદર રીકવરી અરજી ફેંસલ કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

આ હુકમ આજરોજ તા.૧૩/૦૯/૨૦૨૫ ના રોજ લોક અદાલતમાં ખુલ્લી અદાલતમાં મારી સહી કરી વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ: ૧૩/૦૯/૨૦૨૫**
**સ્થળ: ભરૂચ**

**(ડી.પી.પુંજાણી)**
**UIC No. GJ00655**
**ન્યાયાધીશ,**
**મજુર અદાલત નં.૧**
**ભરૂચ**

**પટેલ, સ્ટેનોગ્રાફર**